सत्यमेव जयते

**આ કામના વાદી (૧) પોપટજી નાનજી ઠાકોર, ઉ.વ.આ. પુખ્ત, ધંધો ખેતી. રહે. મું.ઉણ, તા.કાંકરેજ, જી.બનાસકાંઠા., (૨) ભુરીબેન નાનજી ઠાકોર, ઉ.વ.આ. પુખ્ત, ધંધો ખેતી, રહે. મું.માણસા, તા.માણસા, જી.ગાંધિનગર., (૩) લીલાબેન નાનજી ઠાકોર, ઉ.વ.આ. પુખ્ત, ધંધો ખેતી, રહે. મું.શેરપુરા, તા. જી.પાટણ., (૪) પશિબેન નાનજી ઠાકોર, ઉ.વ.આ. પુખ્ત, ધંધો ખેતી, રહે. મું.વડપગ, તા.ભાભર, જી.બનાસકાંઠા., (૫) હરખાબેન નાનજી ઠાકોર, ઉ.વ.આ. પુખ્ત, ધંધો ખેતી, રહે. મું.પાદર, તા.કાંકરેજ, જી.બનાસકાંઠાનાઓની આંક–૦૫ વાળી હંગામી મનાઈ હુકમની અરજી લગત હુકમઃ–**

................................................................................................

(૧) વાદીઓએ હાલનો દાવો પ્રતિવાદીઓ સામે દબાણ ખુલ્લુ કરી આપી દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબ્જો ભોગવટો સુપ્રત કરવા, કાયમી મનાઈ હુકમ મળવા તથા દરમ્યાન ઉપજ મળવાનો દાવો દાખલ કરેલો છે અને વાદીઓ દ્વારા હાલના દાવાની સાથે ઓ.૩૯, રૂ.૧,૨ અન્વયે તથા કલમ ૧૫૧ નીચે દાવો ચાલતા દરમીયાન આંક–૦૫ થી હંગામી મનાઈ હુકમની માંગણી કરતી હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) વાદીની હાલની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, દાવાવાળી જમીન રેવન્યું રેકર્ડે વાદી ઓ અને પ્રતિવાદીઓ સંયુકત ખાતે ધરાવે છે જે બાબતે તમામ ભાઈઓએ સદર વહેચણી પ્રમાણે જમીનો સંભાળી લીધેલ જે પૈકી મોજે ગામ ઉણ, તા.કાંકરેજ,જી.બ.કાનાં ખાતા નં.૬૬૪, જેનો સર્વે નં.૧૩૨૨, હે.આરે.ચો.મી. ૧–૨૪–૫૭, આકાર રૂા.૫.૧૧ અને રેવન્યું સર્વે નં. ૧૩૭૩, હે.આરે.ચો.મી. ૨–૧૬–૭૬, આકાર રૂા.૮.૮૭ વાળી જમીન માંથી હે.આરે.ચો.મી. ૧–૭૩–૮૭ વાદીના હિસ્સામા આવેલી હતી. વાદીના હિસ્સામાં આવેલ વહેચણી મુજબ રે.સ.નં ૧૩૭૩ હે.આરે.ચો.મી. ૧–૭૩–૮૭ વાળું ખેતર જે હિસ્સા કબ્જા નું હતું પરંતુ વાદી જુન– ૧૯ ના અરસા માં મજુરી અર્થે બહાર ગામ જતા પ્રતિવાદીઓ વાદીઓના હિસ્સાની જમીનમાં વાવણી કરવા લાગેલ ત્યારે વાદીઓને જાણ થતા વાદીએ દેખભાળના કામે –મે–૨૦૨૧ ના અરસા મા જમીન દેખભાળ, જાત જોવા આવતાં જે બાબતે પુછતાં પ્રતિવાદી નં.૫ ઉશ્કેરાઈને કહેવા લાગેલ કે "આ ખેતરમાં તને કોઈ ભાગ આપવાનો નથી અને પાદરની સીમવાળુ ખેતર પણ અમોએ વાવણી માટે તૈયાર કરેલ છે ત્યારે અમો અમારા સ્વતંત્ર કબ્જાવાળુ રે.સર્વે.નં.૧૩૨૨ માં જાતે પહોચતા વાદીના

ખેતરમાં પ્રતિવાદી.નં.૧,૩,૫ હાજર હોઈ જે બાબતે પુછતાં તેઓએ કહેલ કે“આ જમીન હવે અમારી છે અને તારે પગ નહી મુકવાનો " ત્યારે બીજા પ્રતિવાદીઓ પણ ત્યાં આવી પહોચેલ અને પ્રતિવાદીઓ એકસંપ થઈ વાદીઓ ઉપર હુમલો કરી ધાક ધમકીઓ આપીને કાઢી મુકેલ, પ્રતિવાદીઓ બહોળી સંખ્યામાં અને માથાભારે માણસ હોઈ અને વાદી તેઓના કુટુંબમાં એક માત્ર જવાબદાર માણસ હોઈ બીકના માચા મજબુર બનીને ગામ છોડીને બહારગામ રહીને પરીવાર સહિત મજુરી કરવા લાગેલ અને હાલે ઉણ તા.કાંકરેજ મુકામે રહે છે અને વાદી નં ૨,૩,૪ જે વાદી નં ૧ ની બહેનો થાય છે અને જેઓ વિવાહીત હોઈ પોતપોતાના સાસરે રહે છે,અને વાદી નં ૫ જે વાદી નં ૧ થી જની માતા જે વાદી નં ૧ની સાથે રહે છે. વાદીએ કરેલ લેન્ડ ગ્રેબીંગની અરજી કાયદેસર હોવા છતાં તે કામની તપાસમાં મે.મામલતદાર કચેરી,કાંકરેજ મું.શિહોરી તથા મે.નાયબ કલેકટર અને સબ ડી.વી.મેજી.સા.ડીસાના એ અનુક્રમે તા.૦૯/૭/૨૧ તથા ૦૩/૭/૨૧ ના રોજ તેઓનો અભિપ્રાય એવો આપેલ કે, સદરહુ તકરાર ભાઈઓ ભાગની વહેચણી લગત છે અને સબબ કોટમાં દાવો દાખલ કરી કોને કેટલો હિસ્સો મળવા પાત્ર છે, તે નકકી કરવાનો છે તેથી આ કલમ હેઠળ ગુનો બનતો નથી તેવું જણાવી અરજી સમિતીમાં લેવા પાત્ર નથી તેવુ જણાવેલ જેથી મે.જિલ્લા કલેકટર સાહેબ, બનાસકાંઠા પાલનપુર કચેરીના તા.૧૪/૯/૨૦૨૧ના રોજના પત્રથી વાદીઓને સક્ષમ કોર્ટ સમક્ષથી દાદ મેળવી લેવાની સુચના આપી વાદીઓની અરજી દફતરે કરતા હાલનો દાવા સાથેની હંગામી મનાઈ હુકમની અરજી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૩) આ કામે પ્રતિવાદીઓને દાવાના કામે સમંસ/નોટીસ બજી જતા તેઓના વિ.વશ્રી મારફતે હાજર થયેલા અને આંક-૧૯ થી જવાબ રજુ કરી જણાવેલ છે કે, "અમો પ્રતિવાદીઓ તથા વાદીઓ ના પિતા બન્ને સગા ભાઈઓ થતા હોઈ અને સદરહુ દાવાવાળી વાદગ્રસ્ત મીકલત અમારી વડીલો પાર્જીત હોઈ સદરહુ મીલકતમાં અમો વાદીઓ તથા પ્રતિવાદીઓ ના સંયુકત ખાતે સદરહુ સર્વે નંબરો ચાલે છે અને વાદીઓ તથા પ્રતિવાદીઓ પિતરાઈ ભાઈઓ થતા હોઈ સૌ પોત પોતાની રીતે પોતાના હીસ્સામાં આવેલી જમીનમાં ખેતી કરે છે અને તેની ઉપજ પણ પોત પોતાની રીતે મેળવીને પોત પોતાનુ ગુજરાન ચલાવે છે આ કામના વાદીઓએ પોતે પણ સદરહુ મીલકતમાં સહ હિસ્સેદાર હોવા છતા પણ ખોટી રીતે સદરહુ દાવામાં રે.સ.નં.૧૩૭૩ પૈકી ની જમીનમા રે.સ.નં.૧૩૨૨ વાળી જમીન ભેળવી દેવાની અને ખોટી રીતે દબાણ કરેલ હોવાની તમામ હકીકતો ખોટી ઉભી કરેલ છે સદરહુ બન્ને રે.સ.નંબરો

અમો પ્રતીવાદીઓ તથા વાદીઓની સંયુક્ત કબજા ભોગવટાની આવેલ છે જેથી દબાણ કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. તેમજ આ કામના વાદીઓ જણાવે છે કે અમારી જમીન રે.સ નં.૧૩૨૨, હે.આરે.ચો.મી. ૧–૨૪–૫૭ અને રેવન્યું સર્વે નં.૧૩૭૩, હે.આરે.ચો.મી.૧–૭૩–૮૭ની જમીનનું દબાણ ખુલ્લું કરાવવા માટે અને અમો વાદીને સદર જમીનનમાં ખેતી કામ કરવા જવા માટે વખતો વખતના તમામ કાનુની પ્રયાસ કર્યા હોવા છતાં પ્રતિવાદીઓ એક સંપ થઈ સદર જમીનનું દબાણ ખુલ્લુ કરી તેનો પ્રતત્ક્ષ કબ્જો ભોગવટો અમોને સુપ્રત કરી આપતા નથી અને અમોને અમારા કાયદેસરના હકક હિસ્સા વાળી જમીનમાં ખેતી કામ માટે પણ જવા આવવા દેતા નથી અને તેથી અમો વાદીને આ દાવો તાબડતોબ આપ નામદાર કોર્ટ સમક્ષ લાવવાની જરૂરત પડેલ છે આવુ કઈજ પ્રતીવાદી ઓએ કરેલ નથી અને આ કામના વાદીઓને અમો પ્રતીવાદીઓએ કયારે પણ તેમની મીલકત માથી ધાકધમકી આપી કાઢી મુકેલ નથી તેમજ તેઓને ખેતી કામ કરતા પણ અટાકાવેલ નથી આ કામના વાદીઓએ પોતાના દાવાની તમામ હકીકતો કપોલ કલ્પીત રીતે ખોટી ઉભી કરેલ છે વાદીઓને દાવો કરવાનુ કોઈ જ કારણ ઉભુ થયેલ નથી. આ કામે સદરહુ મીલકત અમો પ્રતીવાદીઓ તથા વાદીઓની વણવહેચાયલી વડીલો પાર્જીત સંયુકત મીલકત આવેલી છે જેથી સદરહુ મીલકતમા અમો પ્રતીવાદીઓએ ખોટી રીતે દબાણ કરેલ નથી કે આ કામના વાદીઓને સદરહુ ખેતરમા જતા આવતા હરકત હેલો અડચણ કે રુકાવટ કરેલ નથી જેથી આ કામે વાદીઓને તેમના માગ્યા મુજબનો મનાઈ હુકમ મળવાને પાત્ર કોઈ કેસ નથી આ કામે વાદીઓએ જે દરમીયાન ઉપજ ની દરવર્ષે રૂા.૫૦,૦૦૦/– માંગી કરેલછે તે માગણી પણ ખોટી કરેલ છે અને આવી કોઈ દાદ તેઓને મળવા પાત્ર નથી કારણ કે સદરહુ મીલકતમા વાદીઓના હિસ્સાની જમીનમા વાદીઓ ખુદ ખેતી કરી રહેલ છે અમોએ કયારે તેઓને ખેતી કામ કરતા રોક ટોક કરેલ નથી જેથી આ કામે વાદીઓનો પ્રથમ દરશનીય કેશ નથી કે બેલેન્સ ઓફ કન્વીનચન્સ પણ વાદીઓની તરફેણમા નથી અને આ કામના વાદીઓને જો હંગામી કે કાયમી મનાઈ હુકમ આપવામા આવે તો અમો પ્રતીવાદીઓને ઘણુજ નુકશાન થાય તેમ છે જયારે આ કામના વાદીઓને આવો હંગામી મનાઈ હુકમ કે કાયમી મનાઈ હુકમ ન આપવામા આવેતો તેઓને કોઈ પ્રકારનુ નુકશાન કે હાની થવાને પાત્ર નથી કારણ કે સદરહુ મીલકત વણવહેચાયેલી વડલો પાર્જીત સંયુકત માલિકીની આવેલ છે. આ કામના વાદીઓએ સદરહુ દાવામા હિસ્સા વિભાજીત કરવાની દાદ–માગેલ હોઈ પરંતુ હિસ્સા મુજબ ભરવાનો થતો કોર્ટ ફી સ્ટેમ્પ પણ પુરત વાપરેલ ન હોઈ જેથી પણ અધુરા સ્ટમ્પના કારણે

વાદીઓનો દાવો રદ થવાને પાત્ર છે. આ કામાના વાદીઓનો મલીન ઈરાદો અમારી જમીન પચાવી પાડવાનો હોઈ જેથી આપ નામ કોર્ટમાં સત્ય હકીકત છુપાવીને આપ નામ કોર્ટને ગેરમાર્ગે દોરવા સારૂ કરી ખોટી હકીકતો ઉભી કરી ખોટો દાવો આપ નામ.કોર્ટમાં દાખલ કરેલ છે અને અમો પ્રતિવાદીઓને ખોટા ખર્ચમાં ઉતારેલા છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, (૧) વાદીઓએ ચોખ્ખા હાથે દાદ માંગેલ નથી તેમજ કાયદાના સિધ્ધાંતોનું પાલન કરેલ નથી પુરતા નોલેજ વગર વાદીઓએ આપ નામ.કોર્ટમાં ખોટો દાવો કરેલ હોય તેવુ પ્રથમ દર્શનીય જણાઈ આવેલ છે,જેથી વાદીઓને તેઓએ માગેલ દાદ આપી શકાય તેમ નથી. (૩) વાદીઓને આ દાવામાં માગ્યા મુજબની દાદ મળી શકે તેમ નથી કે કારણ કે,રેવન્યું રેકડ પણ સંયુકત વાદીઓ અને પ્રતીવાદીઓના નામે છે તેમ છતા વાદીઓએ ખોટો દાવો દબાણ ખુલ્લુ કરી દાવા વાળી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો સુપ્રત કરવા, કાયમી મનાઈ હુકમનો તથા દરમીયાન ઉપજ મેળવવાનો દાખલ કરી અને નામદાર કોર્ટની પ્રોસેસનો દુરૂપયોગ કરેલ છે,જેથી વાદીઓને મોટી રકમનો દંડ કરવો જોઈએ, જેથી આવા ખોટા દાવાઓ ઉપર લગામ આવી જાય. (૪) વાદીઓએ આ દાવામાં વિષયવસ્તુ મૂળભૂત હેતુ દાવાની ઉત્પતિનું કારણ દાવાનો મોટીવ વિગેરે ખોટુ જણાવેલ છે અને દાવામાં વિષયવસ્તુ અને ઉત્પતિનું કારણ ખોટુ જણાવેલ હોઈ વાદીઓને માગ્યા મુજબ દાદ આપી શકાય નહી જેથી વાદીઓનો આ દાવો પ્રથમ સ્ટેજે રદ કરવાને પાત્ર છે.

(૪) આ કામે વાદીઓના વિ.વશ્રીએ તેમની અરજીમાં જણાવેલ હકીકતોના પુનરાવર્તન રૂપે આંક૨૮ થી લેખીત દલીલો રજુ કરી હાલની હંગામી મનાઈ હુકમની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે જ્યારે પ્રતિવાદીઓ તરફે તેઓએ રજુ કરેલ જવાબ મુજબની આંક–૩૦ થી લેખીત દલીલો રજુ કરેલ છે. હાથ પરની અરજી સબબ વાદીઓએ આંક–૪ થી રજુ થયેલ દસ્તાવેજી લીસ્ટ મુજબના દસ્તાવેજો પર આધાર રાખેલ છે.

(૫) સદર કામે રજુ થયેલ તમામ હકીકતો, મનાઈ અરજી ધ્યાને લેતા મારી સમક્ષ નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| **મુદ્દા નં.૦૧.** | શુ વાદીનો કેસ પ્રથમદર્શનીય છે? |
| **મુદ્દા નં.૦૨.** | શુ સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે? |

| | |
|---|---|
| **મુદ્દા નં.૦૩.** | શુ વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાથી ન ભરપાઈ થાય તેવુ નુકશાન થાય તેમ છે? |
| **મુદ્દા નં.૦૪.** | શુ હુકમ? |
| | **ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.** |
| **મુદ્દા નં.૦૧.** | નકારમાં.. |
| **મુદ્દા નં.૦૨.** | નકારમાં... |
| **મુદ્દા નં.૦૩.** | નકારમાં... |
| **મુદ્દા નં.૦૪** | આખરી હુકમ મુજબ. |

**–::કારણો::–**

(૬) સદર કામે મુદ્દા નં.૧ થી ૩ એક સાથે સંકળાયેલ હોઈ ચર્ચામાં પુનરાવર્તન કરવા માટે મુદ્દા નં.૧ થી ૩ ની સંયુક્ત ચર્ચા કરવાનું યોગ્ય જણાતુ હોઈ સંયુક્ત ચર્ચા કરેલ છે.

(૭) હંગામી મનાઈ હુકમની અરજી નિર્ણિત કરતી વખતે પક્ષકારો વચ્ચેનો મુખ્ય તકરારી મુદ્દો નિર્ણિત કરવાનો હોતો નથી. પરંતુ માત્ર એટલું જ જોવાનું હોય છે કે વાદીનો કેસ મનાઈ અરજી મેળવવાની મુખ્ય ત્રણ કસોટીમાંથી પસાર થાય છે કે નહિ. એટલે કે વાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે નહિ, અને સગવડની સમતુલા વાદીના લાભમાં છે. જો મનાઈ હુકમ મંજુર ના કરવામાં આવે તો, પ્રતિવાદી કરતા વાદીને વધુ નુકશાન થવાની શક્યતાઓ રહેલી છે અને આ મનાઈ હુકમ જો ના આપવામાં આવે તો, વાદીને નાણાંથી ભરપાઈ ના થઇ શકે તેવું નુકશાન થવાની શક્યતા રહેલી છે. તેવું રેકર્ડ ઉપર ફલિત થવું જોઈએ. જયારે પણ મનાઈ અરજીનો નિર્ણય કરવાનો હોય ત્યારે વખતો વખતના નામદાર સુપ્રીમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિદ્ધાંતોને નજર સમક્ષ રાખવા જરૂરી હોય હાલના કામમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનો આ ચુકાદો ધ્યાને રાખવો જરૂરી છે. **In the case**

**of J.M.Patel V/s. D.B.Patel, reported in** 2007(1) **GLR** 79, **Hon'ble Gujarat High Court held that,** before granting interim injunction the court required to examine merit of case to ascertain whether plaintiff has prima facie case to success or not, the court cannot ignore material on record and circumstances, Plaintiff need not establish his right or title at this stage, but should have a fair question to be tried, also balance of convenience and irreparable injury. The same view of the fair question to be tried and fair triable issues between the parties to be suit. In other words, it can be also said that prima facie case means a substantial question raised, bona-fide, which needs investigation and a decision on merits.

While Granting temporary injunction the tests being applied are (1) Whether the plaintiff has a prima facie case (2) Whether the balance of convenience is in favour of the plaintiff and (3) Whether the plaintiff would suffer irreparable injury if his prayer for temporary injunction is allowed.

The Court while granting or refusing to grant injunction should exercise sound judicial discretion to find the amount of substantial mischief or injury which is likely to be caused to the parties, if the injunction is refused, and compare it with that which is likely to be caused to the other side if the injunction is granted.

The applicant must satisfy the court that he has a strong prima facie case and showing that he will suffer irreparable injury if the injunction as prayed is not granted and there is no other remedy open to him by which he can protect himself from the consequences of apprehended injury. Granting of injunction is an equitable relief and such a power can be exercised when judicial

intervention is absolutely necessary to protect rights and interest of the applicant.

And the third condition for granting the injunction is that the balance of convenience must be in favour of the applicant. In Other words, the court must be satisfied that the comparative mischief, hardship or inconvenience which is likely to be caused to the applicant by refusing the injunction will be greater than that which is likely to be caused to the opposite party by granting it.

(૮) આ કામે વાદીની અરજીની હકીકતો, વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરવા તથા વાદી તરફે રજુઆતો ધ્યાને લીધી. આ કામે વાદીઓની હાલની અરજીની મુખ્ય તકરાર લક્ષમાં લેવામાં આવે તો વાદીઓએ દાવાવાળી મીલકત રે.સ.નં.૧૩૨૨ તેમજ રે.સ.નં.૧૩૭૩વાળી જમીનમાંથી  હે.આરે.ચો.મી. ૧–૭૩–૮૭નું તેમની રે.સ.નં.૧૩૭૩ પૈકીની જમીનમાં ભેળવી દીધેલ છે અને ખોટી રીતે દબાણ કરેલ છે અને પ્રતિવાદીઓએ  વાદીઓને ખેતી કામ કરતા વંચીત રાખેલ છે અને તેના કારણે દર વર્ષે વાર્ષીક રૂ.૫૦ હજાર રૂપીયાની પુરી ખેતી ઉપજની નુકશાની થઈ રહી છે અને જેની જવાબદારી આ કામના પ્રતિવાદીઓની છે. હવે, આ કામે વાદીઓ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લક્ષમાં લેવામાં આવે તો નિશાની ૪/૫ જે વાદ ગ્રસ્ત જમીન રે.સ.નં.૧૩૭૩નો ૮અનો ઉતારો તેમજ નિશાની ૪/૬ જે વાદ ગ્રસ્ત જમીન રે.સ.નં.૧૩૨૨નો ૮અનો ઉતારો છે અને જેમાં વાદીઓ અને પ્રતિવાદીઓના સંયુક્ત નામે ચાલતી આવે છે તેવુ રેકર્ડ પર જણાઈ આવે છે. હવે, વાદીની મુખ્ય તકરાર એવી છે કે, પ્રતિવાદીઓએ ઉપરોક્ત બન્ને સર્વે નંબરોવાળી જમીનમાંથી સર્વે નં.૧૩૭૩ પૈકીની જમીનમાં ભેળાણ કરી નાખેલ છે અને દબાણ કરી દીધેલ છે. પરંતુ વાદીઓ તરફે રજુ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેવામાં આવે તો વાદીઓએ તેવો કોઈ રેકર્ડ રજુ કરેલ નથી કે જેના પ્રાથમીક દ્રષ્ટીએ અદાલતના ધ્યાનમાં આવી શકે કે ખરેખર પ્રતિંવાદીઓએ વાદીઓની મીલકતમા  દબાણ કરેલ છે. વધુમાં, વાદીઓએ આ કામે કોઈ પંચનામુ કરાવેલ નથી કે કોઈ ડી.આઈ.એલ.આર. કચેરી મારફતે તેવી કોઈ માપણી કરાવી તેવુ કોઈ રેકર્ડ રજુ કરેલ નથી. આમ, ઉપરોક્ત તમામ હકીકતો લક્ષમાં લેવામાં આવે તો પ્રતિવાદીઓએ વાદીઓનો કથન મુજબનું વાદગ્રસ્ત જમીનમાં દબાણ કરેલ હોય તેવુ પ્રાથમીક દ્રષ્ટીએ માની શકાય નહી. આમ, વાદીઓ પ્રથમદર્શીય રીતે તેઓનો કેસ સાબીત

કરી શકેલ નથી તેવુ અદાલતનું માનવુ છે. તે સંજોગોમાં સગવડતા અગવડતાનું પલ્લું પણ વાદીઓની તરફેણમાં નમતું હોવાનું જણાઈ આવતુ નથી જેથી વાદીને માંગ્યા મુજબનો હંગામી મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીઓને નાણામાં આંકી ન શકાય તેવું નુકશાન જવાની સંભાવના છે તેવુ માનવાને કોઈ કારણ અત્રે ઉપસ્થિત થતુ નથી. આમ, તમામ પુરાવાઓ જોતાં વાદીઓનો પ્રથમદર્શનીય કેસ તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓની તરફેણમાં હોવાનું જણાઈ આવતુ નથી. જેથી વાદીને હંગામી મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીઓને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ જણાય આવતુ ન હોય જેથી વાદી મુદ્દા નં. ૧ થી ૩ પુરવાર કરવામાં સફળ રહેલ ન હોઈ મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ::–**

(૧) વાદીની આંક–૦૫ વાળી હંગામી મનાઈ હુકમની અરજી ના મંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ ૨૮ મી માહે એપ્રીલ સને ૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

શિહોરી (પ્રજ્ઞેશકુમાર બાબુભાઈ પટેલ)
તા.૨૮–૦૪–૨૦૨૫ પ્રિન્સિપાલ સિવિલ જજ, શિહોરી
કોડ–જીજે૦૧૨૭૮